GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ડાંસડી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

જા.નં- ૨૩૫૫ તા.૧૮/૦૬/૨૦૨૨

પ્રતિ

(૧) મુખ્ય શિક્ષકશ્રી, તમામ શાળા; નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

(૨) મુખ્ય શિક્ષકશ્રી/ આચાર્યશ્રી, ખાનગી માન્ય પ્રાથમિક શાળા તમામ, સુરત.

વિષય :- નેશનલ મીન્સ કમ મેરીટ સ્કૉલરશીપ યોજના (NMMS)-૨૦૨૧ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને સન્માનિત કરવા બાબત.

સંદર્ભ :- મે.અધ્યક્ષશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક::રાપબો/NMMS/૨૦૨૨/૪૩૬૩-૪૪૪૨,,તા.૧૬/૦૬/૨૦૨૨.

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૧૭/૦૪/૨૦૨૨ના રોજ નેશનલ મીન્સ કમ મેરીટ સ્કૉલરશીપ-૨૦૨૧ની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતું. જેનું પરિણામ સંદર્ભ દર્શિત જાહેરનામાથી તા.૧૦/૦૬/૨૦૨૨ના રોજ www.sebexam.org પર પ્રસિદ્ધ કરેલ છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરતની પ્રાથમિક શાળા તથા ખાનગી માન્ય પ્રાથમિક શાળા તમામના મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી તથા શિક્ષક મિત્રોને જણાવવાનું કે, ઉક્ત પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્વોલીફાઇંગ થયેલ વિદ્યાર્થીઓને શાળા કક્ષાએથી પ્રોત્સાહન મળી રહે તે હેતુસર વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ પ્રોત્સાહિત કરવા માટે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓના સંબધિત શાળાના આચાર્યશ્રીઓએ વિદ્યાર્થીઓના પરીક્ષામાં મેળવેલ ગુણનું ગુણપત્રક અને પ્રમાણપત્ર વેબસાઇટ પર આપેલ "Result" ઓપ્શનમાં વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી ચાલુ વર્ષે તા.૨૩/૦૬/૨૦૨૨ થી તા.૨૫/૦૬/૨૦૨૨ સુધી યોજાનાર કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી થનાર પદાધિકારીશ્રી/અધિકારીશ્રીઓના વરદ હસ્તે સન્માનિત કરવા નોંધ લેશો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત

**નકલ રવાના** :- ઇ.ચા.ઉપશાસનાધિકારીશ્રી તથા તમામ નિરીક્ષકશ્રી, ન.પ્રા.શિ.સ, સુરત તરફ જાણ તથા અમલ સારૂ